સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા
SPIPA
સફલ પ્રેલ્યુડની સામે, અશ્વરાજ બંગ્લોઝ પાછળ, કોર્પોરેટ રોડ
પ્રહલાદનગર ગાર્ડન પાસે, પ્રહલાદનગર, અમદાવાદ ૩૮૦ ૦૧૫
ફોન: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

જાહેરનામુ ક્રમાંક: સીસપ-તાલીમ/૨૦૧૭-૧૮/પ્રવેશ પરીક્ષા–૨૦૧૭/આયોજન/૭/સ્ટડી, તા.૨૦-૧૨-૨૦૧૭

# UPSC CIVIL SERVICES EXAMINATION TRAINING PROGRAMME 2017-18

## ENTRANCE EXAM – 2017 – Final Result

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા) દ્વારા યુપીએસસી સીવીલ સર્વિસીઝ તાલીમ કાર્યક્રમ ૨૦૧૭-૧૮ માટે પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ.

આ પરીણામ સંબંધિત નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.:-

પ્રવેશ પરીક્ષામાં કુલ ૧૬,૮૮૨ ઉમેદવારોએ અરજી કરેલ. પ્રથમ તબક્કાની વૈકલ્પિક પરીક્ષા તા.૧૦ –૦૯ -૨૦૧૭ના રોજ વિગતવાર જાહેરાતમાં દર્શાવેલ નીચે મુજબના પત્રકમાં જણાવ્યા પ્રમાણે યોજવામાં આવેલ. જેમાં કુલ ૧૦,૬૬૨ ઉમેદવારો હાજર રહેલ.

| માસ | સમય | વિષય | કુલ પ્રશ્નો | ગુણ |
|---|---|---|---|---|
| તા.૧૦/૦૯/૨૦૧૭ (રવિવાર) | ૧૧-૦૦ થી ૧૩-૦૦ | પેપર ૧. સામાન્ય અભ્યાસ General Studies-1 | ૧૦૦ | ૨૦૦ |
| | ૧૪-૦૦ થી ૧૫-૩૦ | પેપર ૨. સામાન્ય અભ્યાસ General Studies-2 (CSAT) | ૫૦ | ૧૦૦ |
| | | | કુલ ગુણ | ૩૦૦ |

નોંધ :- (૧) ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્નમાં એક કરતાં વધારે જવાબ બદલ પ્રશ્નના કુલ ગુણના ૩૩% ગુણ બાદ કરવામાં આવેલ.
(૨) પેપર ૧ અને પેપર ૨ ના સંયુક્ત ગુણને આધારે મેરિટ તૈયાર કરવામાં આવેલ.
(૩) અંધ ઉમેદવારને પ્રત્યેક પેપરમાં વધારાના સમય તરીકે ૨૦ મિનિટ આપવામાં આવેલ.
(૪) બંને પ્રશ્નપત્રો (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં) હેતુલક્ષી પ્રકારના રહેલ.

પ્રથમ તબક્કાની વૈકલ્પિક પ્રવેશ પરીક્ષા (કુલ ૩૦૦ ગુણ)ના નીચે જણાવેલ પાસિંગ માર્ક્સના આધારે દ્વિત્તિય તબક્કાની નિબંધ કસોટી માટે ઉમેદવારોને આમંત્રિત કરવામાં આવેલ.

| ક્રમ | કેટેગરી | પુરૂષ | મહિલા |
|---|---|---|---|
| ૧ | સામાન્ય કેટેગરી (General) | ૩૦% (એટલે કે ૯૦ કે તેથી વધારે ગુણ પ્રાપ્ત કરેલ હોય તેવા તમામ ઉમેદવારો) | ૨૫% (એટલે કે ૭૫ કે તેથી વધારે ગુણ પ્રાપ્ત કરેલ હોય તેવા તમામ ઉમેદવારો) |
| ૨ | અનુસુચિત જાતિ (SC) | | |
| ૩ | સા.શૈ.પછાતવર્ગ (SEBC) | | |
| ૪ | અનુસુચિત જનજાતિ (ST) | ૨૦% (એટલે કે ૬૦ કે તેથી વધારે ગુણ પ્રાપ્ત કરેલ હોય તેવા તમામ ઉમેદવારો) | |
| ૫ | શારીરિક વિકલાંગ (PH) | ૧૫% (એટલે કે ૪૫ કે તેથી વધારે ગુણ પ્રાપ્ત કરેલ હોય તેવા તમામ ઉમેદવારો) | |

ઉપર મુજબના ક્રાઇટેરીયાના આધારે કુલ ૯૫૬ ઉમેદવારોને દ્વિત્તિય તબક્કાની નિબંધ કસોટી માટે આમંત્રિત કરવામાં આવેલ. નિબંધ કસોટીનું આયોજન તા.૨૯/ ૧૦/ ૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ. જેમાં કુલ ૯૫૬ ઉમેદવારો પૈકી કુલ ૮૬૬ ઉમેદવારો હાજર અને ૯૦ ઉમેદવારો ગેરહાજર રહેલ.

નિબંધ કસોટીનુ પરિણામ તૈયાર કરતી વખતે ઉમેદવારોની ઉત્તરવહીઓનુ નિરીક્ષણ એક કરતા વધુ નિરીક્ષકોને સોંપવામાં આવેલ આથી "નિરીક્ષકો દ્વારા આપવામાં આવેલ માર્ક્સમાં આવતાં મોટાં વેરીએશનને ટાળવું અને તેના કારણે કોઈ ઉમેદવારને અન્યાય ન થાય" તે હેતુ થી નોર્મલાઈઝેશન કરવામાં આવેલ.

- તમામ નિરિક્ષકોના માર્કસ (કુલ ૮૬૬ ઉમેદવારોના માર્ક્સ) નું નોર્મલાઇઝેશન કરવામાં આવેલ છે.
- નીચેની ફોર્મ્યુલા મુજબ માર્કસનું નોર્મલાઇઝેશન કરવામાં આવેલ છે.

$$X_n = X_p + S_p\left(\frac{X1 - \bar{X}}{\bar{S}}\right)$$

- **$X_n$ = Normalization Score**
- **$X_p$ = Population or Reference Average**
- **$S_p$ = Population or Reference Standard Deviation**
- **$X_1$ = Student's Raw Score**
- **$\bar{X}$ = Average of respective evaluator**
- **$\bar{S}$ = Standard Deviation of respective evaluator**

- ઉક્ત ફોર્મ્યુલાના ઉપયોગના પરીણામે છેવાડાના (મહત્તમ અને લઘુત્તમ) માર્ક્સમાં ફેરફારો થવાની સંભાવનાને ધ્યાને લેતા, નીચે મુજબના ધોરણો નક્કી કરવામાં આવેલ.

- જે ઉમેદવારોના રૉ માર્ક્સ (મૂળ ગુણ જે નિરિક્ષક ધ્વારા આપવામાં આવેલ હોય તે) ૧૫ થી ઓછા હોય તેમના રૉ માર્ક્સનું નોર્મલાઇઝેશન કરવામાં આવેલ નથી./મૂલ્યાંકનના હેતુ સારૂ રૉ માર્ક્સને જ ગણતરીમાં લેવામાં આવેલ છે.
- જે ઉમેદવારોના રૉ માર્ક્સ (મૂળ ગુણ જે નિરિક્ષક ધ્વારા આપવામાં આવેલ હોય તે) ૧૫ થી વધારે હોય પરંતું નોર્મલાઇઝેશનની પ્રક્રિયા બાદ ૧૫ થી ઓછા થયેલ હોય તો મૂલ્યાંકન માટે તેઓના માર્ક્સને ૧૫ માર્ક્સ નિયત કરવામાં આવેલ છે તથા ૧૫ કે તેથી વધુ રૉ માર્ક્સના નોર્મલાઇઝેશન બાદ, જો નોર્મલાઇઝેશન સ્કોર, ૧૫ કરતાં વધુ હોય તો તે નોર્મલાઇઝેશન સ્કોરને મેરીટના હેતુ માટે ધ્યાને લેવામાં આવેલ છે.
- ઉમેદવારોના રૉ માર્ક્સમાં મહત્તમ ગુણ ૭૫ થી વધારે ના હોઇ, મહત્તમ ગુણમાં કોઇ અપવાદ રાખવામાં આવેલ નથી.

- ❖ $X_p$, $S_p$ ની ગણતરી પ્રવેશ પરીક્ષાના દ્વિત્તિય તબક્કા માટે ક્વોલિફાય થયેલ અને દ્વિત્તિય તબક્કામાં ઉપસ્થિત રહેલ તમામ ઉમેદવારો (કુલ ૮૬૬)ના રૉ માર્ક્સના આધારે કરવામાં આવેલ છે.
- ❖ દ્વિત્તિય તબક્કામાં ઉપસ્થિત રહેલ કુલ ૮૬૬ ઉમેદવારો મુજબ $X_p$ = **45.96** અને $S_p$ = **10.84** રહેવા પામેલ.

ઉપર દર્શાવ્યા મુજબ નોર્મલાઈઝેશન કર્યા બાદ, દ્વિત્તિય તબક્કામાં હાજર રહેલ તમામ ૮૬૬ ઉમેદવારોના નોર્મલાઈઝડ થયેલ ગુણને આધારે તૈયાર કરવામાં આવેલ મેરિટ લિસ્ટ મુજબનું પ્રવેશ પરીક્ષા ૨૦૧૭-૧૮નું પરીણામ **(Result)** આ સાથે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

પ્રવેશ પરીક્ષાના (પ્રથમ તબક્કાના કુલ ૩૦૦ ગુણ અને બીજા તબક્કાના કુલ ૧૦૦ ગુણ થઇને કુલ ૪૦૦ ગુણમાંથી) પરીણામ(મેરીટ) તૈયાર કરતાં તાલીમવર્ગ ૨૦૧૭-૧૮ માટે સંભવિત કેટેગરીવાઈઝ કટ ઓફ નીચે પ્રમાણે રહેશે.

| ક્રમ | તાલીમનું નામ | ઉમેદવારોની કુલ સંખ્યા | જાતિ | કેટેગરીવાઇઝ કટ-ઓફ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | બિન અનામત | એસ.સી. | એસ.ટી. | એસ.ઇ.બી.સી. |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૧૮ના તાલીમવર્ગ ૨૦૧૭-૧૮ | | ૫૦૦ | પુરૂષ | ૧૬૦.૯૨ | ૧૫૫.૮૭ | ૧૧૫.૨૫ | ૧૪૩.૪૮ |
| | | | મહિલા | ૧૨૫.૭૫ | ૧૨૪.૯૭ | ૮૫.૩૪ | ૧૦૫.૨૯ |
| શારીરિક વિક્લાંગ ઉમેદવારોનું કટ-ઓફ | | | પુરૂષ | ૮૧.૯૦ | | | |
| | | | મહિલા | ૧૧૨.૧૧ | | | |

<u>નોંધ:</u>

(૧) નિબંધ કસોટીમાં ક્વોલિફાઈ થયેલ કુલ ૧૫ શારીરિક વિકલાંગ ઉમેદવાર પૈકી ૧૪ ઉમેદવાર હાજર રહેલ અને તેઓને વિકલાંગ માટે હોરિજોન્ટલ રિઝર્વેશન મુજબ સેન્ટરવાઈઝ પ્રવેશ આપવામાં આવશે.

(૨) પ્રવેશપરીક્ષા ૨૦૧૭-૧૮ની વિગતવાર જાહેરાતના મુદ્દા નં. ૬(૫)માં દર્શાવ્યાનુસાર, સંસ્થાના ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ સાથે થયેલ **MoU** મુજબ, ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ ખાતેની ૧૬૦ સીટો પૈકી ૩૦ સીટો ગુજરાત કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવેલ અને આ ૩૦ સીટો ગુજરાત સરકારની અનામત નીતિ મુજબ ભરવામાં આવશે, તેવો ઉલ્લેખ અત્રેની વિગતવાર જાહેરાતમાં કરવામાં આવેલ. ચાલુ વર્ષે પ્રવેશ પરીક્ષા માટે ગુજરાત કોમર્સ કોલેજ, ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ અને ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના કુલ ૩૫ ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરેલ, જે પૈકી કુલ ૨૮ ઉમેદવારો પ્રથમ તબક્કામાં હાજર રહેલ. જેમાંથી પ્રથમ તબક્કાના પાસિંગ માર્ક્સના પ્રથમ પાના પર સામેલ પત્રક મુજબના

ક્રાયટેરિયા પ્રમાણે, માત્ર ૩ ઉમેદવારો નિબંધ કસોટી માટે ક્વોલિફાઈ થયેલ અને તે તમામ ૦૩ ઉમેદવારો નિબંધ કસોટીમાં ઉપસ્થિત રહેલ. ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ ખાતેની પસંદગી યાદીમાં ઉક્ત દર્શાવ્યા મુજબની ત્રણ કોલેજના આ ૦૩ પુરૂષ ઉમેદવારોને બિન-અનામત તરીકે ક્વોલિફાય થાય છે (કટઓફ માર્ક્સ ૧૨૯.૭૮) અને ૩૦ પૈકી બાકી રહેતા અન્ય કુલ ૨૭ ઉમેદવારોની ખાલી જગ્યા પર અત્રેની વિગતવાર જાહેરાત મુજબ અન્ય ઉમેદવારોને પ્રવેશ આપવાનો રહેતાં ૧૩૦ + ૨૭ એમ કુલ ૧૫૭ સીટ માટે મેરીટ મુજબ અનામત નીતિ પ્રમાણે જગ્યાઓ ભરતા ૧૫૭ ઉમેદવારોનું મેરીટ (૭૯ બિન-અનામત, ૧૧-એસ.સી., ૨૪-એસ.ટી., ૪૩-એસ.ઇ.બી.સી. પ્રમાણે) બનાવી ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદના કુલ ૧૬૦ ઉમેદવારોની જગ્યાઓ ભરવામાં આવશે. જે ધ્યાને લેવાનું રહેશે.

- વધુમાં, સંસ્થાની સદર પ્રવેશ પરીક્ષાની વિગતવાર જાહેરાતમાં, "હાલમાં સ્પીપા, અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના પ્રાદેશિક તાલીમ કેન્દ્રો ખાતે ચાલતા રીનોવેશનની કામગીરીના કારણે ઉક્ત ૫૦૦ તાલીમાર્થીઓને કયા તાલીમકેન્દ્રો અને કેટલી જગ્યાઓ પર તાલીમ/પ્રવેશ આપવામાં આવશે,તેનો ઉલ્લેખ આ વિગતવાર જાહેરાતમાં કરવામાં આવેલ નથી. પરંતુ ઉક્ત ૫૦૦ તાલીમાર્થીઓ માટે તાલીમ કેન્દ્રો અને તેમાં ફાળવેલ સંખ્યાબળની વિગત સ્પીપાની પ્રવેશ પરીક્ષાના અંતિમ પરિણામની સાથે પ્રસિદ્ધ કરવામાં આવશે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી." તેવું જણાવવામાં આવેલ. જે અન્વયે યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૧૮ માટેના તાલીમવર્ગ ૨૦૧૭-૧૮ માટે સંખ્યાબળ સહિતના તાલીમકેન્દ્રોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલીમવર્ગનું નામ | સંખ્યાબળ | રીમાર્ક્સ |
|---|---|---|---|
| ૧ | સ્પીપા અને પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, અમદાવાદ<br>સ્થળ:- ગ્રાઉન્ડ ફ્લોર, ગર્લ્સ હોસ્ટેલ, સ્પીપા, ઇસરોની સામે, સેટેલાઇટ, અમદાવાદ | ૧૬૦ | • ગુજરાત સરકારની રાજ્ય અનામતનીતિને ધ્યાને લઈ, પ્રતિ તાલીમવર્ગમાં ૫૧% બિન-અનામત, ૦૭% અનુસુચિત જાતિ, ૧૫% અનુસુચિત જનજાતિ અને ૨૭% સા.શૈ.પછાતવર્ગના ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવશે.<br>• ઉક્ત દરેક કેટેગરીમાં ૩૩% સીટો મહિલા માટે આરક્ષિત રાખવામાં આવશે.<br>• પ્રતિ તાલીમવર્ગ માટે નિયત થયેલ સંખ્યાબળના ૩% સીટો શારીરિક વિકલાંગ માટે હોરીઝોન્ટલ રીઝર્વેશન રાખવામાં આવશે. |
| ૨ | ગુજરાત કોમર્સ કોલેજ | ૧૬૦ | |
| ૩ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, વડોદરા | ૬૦ | |
| ૪ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, રાજકોટ | ૬૦ | |
| ૫ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, સુરત | ૬૦ | |
| | કુલ સંખ્યાબળ | ૫૦૦ | |

સંસ્થાના રિનોવેશનની કામગીરી હાલમાં પણ કાર્યરત હોઈ, વિધાર્થીઓને ચાલુ વર્ષે પણ હોસ્ટેલ ખાતે રહેવા જમવાની સુવિધા મળવાપાત્ર થશે નહીં, વિદ્યાર્થીઓએ તાલીમના સ્થળે તાલીમ માટે સ્વખર્ચે પહોંચવાનું રહેશે.

ઉમેદવાર પોતાના પ્રથમ તબક્કાની ઓ.એમ.આર. શીટ તથા તેમાં મેળવેલ માર્ક્સની વિગતો, તેમજ બીજા તબક્કામાં ઉપસ્થિત થયેલ ઉમેદવારો તેઓના દ્વીતિય તબક્કાના માર્કસ સંસ્થાની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકશે. તેમજ આન્સર કી પણ સંસ્થાની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકશે.

સંસ્થા દ્વારા આન્સર કી કે પ્રથમ તબક્કાની ઓ.એમ.આર શીટ તેમજ નિબંધ કસોટીની ઉત્તરવહીના રિચેકીંગ બાબતે કોઈપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

આ સાથે સામેલ પરીણામ (Result)ના મેરિટના ક્રમાનુસાર, તા.૨૬-૧૨-૨૦૧૭ (મંગળવાર) અને તા.૨૭-૧૨-૨૦૧૭ (બુધવાર)ના રોજ નીચે દર્શાવેલ પત્રકની વિગતે રજીસ્ટ્રેશન કેમ્પ, ડીપોઝીટ કલેકશન અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન રાખવામાં આવેલ છે. જેની વિગત ધ્યાને લઈ પ્રવેશ મેળવવા ઈચ્છતા સંબંધિત ઉમેદવારોએ નિર્ધારિત સમય અને સ્થળે અચૂક હાજર રહેવું.

| તારીખ | હાજર થવાનો સમય | વિગત |
|---|---|---|
| ૨૬-૧૨-૧૭ | સવારે ૯.00 કલાક થી | તમામ કેટેગરીની તમામ મહિલા ઉમેદવારો , તમામ વિકલાંગ ઉમેદવારો, ગુજરાત કોમર્સ કોલેજના 03 અનામત ઉમેદવારો |
| | બપોરે ૦૧.30 કલાક થી | મેરિટ નં. ૧ થી ૭૦ સુધીમાં સમાવિષ્ટ થતા તમામ કેટેગરીના તમામ પુરુષ ઉમેદવારો |
| ૨૭-૧૨-૧૭ | સવારે ૯.00 કલાક થી | મેરિટ નં. ૭૧ થી ૨૭૦ સુધીમાં સમાવિષ્ટ થતા તમામ કેટેગરીના તમામ પુરુષ ઉમેદવારો |
| | | મેરિટ નં. ૭૧ થી ૩૨૫ સુધીમાં સમાવિષ્ટ થતા એસસી કેટેગરીના તમામ પુરુષ ઉમેદવારો |
| | | મેરિટ નં. ૭૧ થી ૮૦૦ સુધીમાં સમાવિષ્ટ થતા એસટી કેટેગરીના તમામ પુરુષ ઉમેદવારો |
| | | મેરિટ નં. ૭૧ થી ૫૦૦ સુધીમાં સમાવિષ્ટ થતા એસઈબીસી કેટેગરીના તમામ પુરુષ ઉમેદવારો |

ઉમેદવારોને તેમના મેરીટ નંબર, કેટેગરી અને જે તે સંબંધિત સેન્ટર પર જગ્યાની ઉપલબ્ધતાને ધ્યાને લઇ, રાજ્ય સરકારની પ્રવર્તમાન અનામતનીતિ મુજબ પ્રવેશ આપવામાં આવશે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

સ્પીપાની વેબસાઇટ પર તાલીમવર્ગ ૨૦૧૭-૧૮ માં પ્રવેશ આપવા અંગેનો પત્ર, બાયોડેટા ફોર્મ, બોન્ડ, બાંહેધરી પત્ર અને “અગાઉના વર્ષોમાં પ્રવેશ ન મેળવ્યા બાબતનું બાંહેધરી પત્ર” માટેની લિંક અલગ મૂકવામાં આવેલ છે. જેને ડાઉનલોડ કરી પત્ર ધ્યાનથી વાંચીને જરૂરી વિગતો ભરીને/ દર્શાવેલ કાર્યવાહી કરીને ઉમેદવારે રજીસ્ટ્રેશન કેમ્પ વખતે સાથે લાવવાની રહેશે તેમજ અત્રેની વિગતવાર જાહેરાતમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો અને તેની પ્રમાણિત/સ્વપ્રમાણિત નકલો સહિત તથા ગ્રંથાલય ડીપોઝીટ રૂ!.૨,૨૦૦/- અને તાલીમ ડીપોઝીટ રૂ!.૧,000/- એમ કુલ રૂ!.3,૨૦૦/- (અંકે રૂ. ત્રણ હજાર બસો પૂરા)નો Demand Draft (Payable to “DEPUTY DIRECTOR (ACCOUNTS) SPIPA, AHMEDABAD”)ના નામનો અથવા Debit

Card/Credit Card દ્વારા જમા કરાવવાની રહેશે. અન્યથા પ્રવેશ મળવાપાત્ર રહેશે નહીં. Demand Draftની પાછળ પોતાનું નામ અને મોબાઇલ નંબર અને બેઠક નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે. ઉક્ત પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જે તે તાલીમકેન્દ્ર ખાતે ખાલી રહેતી જગ્યાઓ જે તે કેટેગરીની ખાલી રહેતી જગ્યા સામે તે કેટેગરીની કેટેગરીવાઇઝ પ્રતિક્ષાયાદીના આધારે સંબંધિત કેટેગરીના મેરીટમાં આવતા અન્ય ઉમેદવારોથી જગ્યાઓ ભરવામાં આવશે. જેની જાણ ઉમેદવારોને તેઓએ અરજી કરતી વખતે OJAS પર ઉપલબ્ધ કરાવેલ તેઓના ઈ-મેઈલ આઈડી/મોબાઈલ નંબર પર ઈ-મેઈલ/SMSના માધ્યમથી કરવામાં આવશે. અને આ અંગેની જાણ સંસ્થાની વેબસાઈટ પર પણ કરવામાં આવશે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૧૨-૨૦૧૬ના પત્રક્રમાંક: વતભ-૧૪-૨૦૧૫-૧૩૬-વસુતાપ્ર-૩નો પત્ર અને તા.૦૧-૦૪-૨૦૧૭ના ઠરાવક્રમાંક: વતભ-૧૪૨૦૧૫/૧૩૬/વસુતાપ્ર-૩ના ઠરાવથી નિયત થયાનુસાર, “સ્પીપા કે તેના હસ્તકના તાલીમ કેન્દ્રોના પ્રિલિમના તાલીમવર્ગમાં એક યુવક/યુવતીને ફકત એક જ વખત પ્રવેશ આપવાનો રહેશે.” જે અન્વયે આ સાથેના Annexure-1 માં દર્શાવેલ ઉમેદવારો કે જેઓ, સ્પીપા કે તેના હસ્તકના તાલીમ કેન્દ્રોમાં વર્ષ ૨૦૧૫-૧૬ તથા વર્ષ ૨૦૧૬-૧૭ ની બેચના પ્રિલિમના તાલીમવર્ગમાં તાલીમ લઇ ચૂકેલ છે, તેઓને આ પ્રવેશ પરીક્ષાના મૂળ હેતુ એટલે કે યુપીએસસી પ્રીલિમીનરી પરીક્ષા ૨૦૧૮ના તાલિમવર્ગના પ્રવેશ માટે ડિસ્ક્વોલિફાય કરવામાં આવેલ છે. વધુમાં, ગત વર્ષે કે અગાઉના વર્ષોમાં જો કોઈ ઉમેદવાર સંસ્થા કે તેના તાબા હેઠળના કોઈપણ તાલીમકેન્દ્ર ખાતે પ્રવેશ મેળવ્યો હોય તો તેઓએ ફરજિયાતપણે, “અગાઉના વર્ષોમાં પ્રવેશ ન મેળવ્યા બાબતનું બાંહેધરી પત્ર”માં આ અંગેનો ઉલ્લેખ કરવાનો રહેશે. તેમ છતાં પણ જો કોઈ ઉમેદવારે સંસ્થા ખાતે તાલીમ માટે બીજીવાર પ્રવેશ મેળવેલ છે, તેવું ધ્યાને આવશે તો તે ઉમેદવારનો પ્રવેશ તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવશે અને તેઓની ડીપોઝીટ કોઈપણ સંજોગોમાં પરત આપવામાં આવશે નહિ. અત્રેની કક્ષાએથી ચકાસણી કરતાં હાલ પૂરતાં આ ઉમેદવારોની પુન: પ્રવેશ માટેની ઉમેદવારી મળેલ છે, તે સિવાયના જો કોઈ ઉમેદવારો ધ્યાને આવશે તો તેવા ઉમેદવારોના કિસ્સામાં પણ ઉપર મુજબની કાર્યવાહી કરવામાં આવશે, જે વિદિત થાય.

<u>રજીસ્ટ્રેશન કેમ્પ, ડીપોઝીટ કલેકશન અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટેનું સ્થળ:-</u>

<u>તા. ૨૬ અને ૨૭ ડિસેમ્બર ૨૦૧૭ (સવારે ૯.૦૦ ક્લાકેથી)</u>

ગુજરાત કોમર્સ કોલેજ,

સ્પીપા સ્ટડી સેન્ટર, સેમિનાર હોલ (રૂમ નં.-૧૭),

એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

-Sd/

સંયુક્ત નિયામક (સ્ટડી)

સ્પીપા, અમદાવાદ

# Annexure 1

| 2016-17 Batch | | | |
|---|---|---|---|
| **Roll No. of Batch 2016-17** | **Name** | **Admission centre of batch 2016-17** | **Roll No. (Stage 2) of Entarance 2017** |
| 2000647 | Ms. SAMIRABANU MAHEMUDSHA DIWAN | SPIPA + RTC, Ahmedabad | **2000300** |
| 2000815 | Ms. SRUTHI PHILIP | SPIPA + RTC, Ahmedabad | **2000816** |
| 2000753 | Ms. BENDANGJUNGLA IMLIKABA WALLING | SPIPA + RTC, Ahmedabad | **2000254** |
| 2000611 | Mr. ALOK KUBER DAN RATNOO | SPIPA + RTC, Ahmedabad | **2000787** |
| 2000558 | Ms. DIPAL PRUTHVIRAJ CHAUDHARY | SPIPA + RTC, Ahmedabad | **2000266** |
| 2000394 | Mr. HARIKRUSHNA VANRAJBHAI CHAVADA | RTC, Vadodara | **2000607** |
| 2001099 | Ms. KUSUMLATA SINGH | RTC, Vadodara | **2000173** |
| 2000721 | Mr. MEHUL SURESHKUMAR KHEM | RTC, Vadodara | **2000244** |
| 2000970 | Mr. HIRAL VINODBHAI PATEL | RTC, Vadodara | **2000440** |
| 2000272 | Mr. SHUBHENDU DURLABHJIBHAI FULTARIYA | RTC, Surat | **2000457** |
| 2001050 | Ms. DIPALI JITENDRABHAI PARMAR | RTC, Surat | **2000676** |
| 2000099 | Mr. YOGESHKUMAR JIVABHAI CHAUDHARY | RTC, Surat | **2000686** |
| 2000415 | Mr. PRAMODKUMAR RAMAKANT YADAV | RTC, Surat | **2000826** |
| 2000339 | Mr. NIKHIL DEVAJIBHAI CHAVDA | RTC, Rajkot | **2000661** |
| 2000663 | Ms. JIMMY PRAKASHKUMAR PATEL | RTC, Rajkot | **2000593** |
| 2001147 | Mr. PRAGNESHKUMAR VALLABHDAS PARMAR | RTC, Rajkot | **2000770** |
| 2000821 | Mr. JAYDIPSINH LAKHUBHAI SISODIYA | RTC, Rajkot | **2000744** |
| 2000737 | Mr. MALAV MAHESHBHAI PATEL | GCC, Ahmedabad | **2000536** |
| 2000993 | Mr. SURESHBHAI CHELAJI THAKOR | GCC, Ahmedabad | **2000055** |
| **2015- 16 Batch** | | | |
| **Roll No. of Batch 2015-16** | **Name** | **Admission centre of batch 2015-16** | **Roll No. (Stage 2) of Entarance 2017** |
| 2004635 | Mr. BECHARSING CHENAJI THAKOR | RTC, Vadodara | **2000028** |
| 2006680 | Mr. BHAVINKUMAR MOHANBHAI VASAVA | RTC, Vadodara | **2000572** |
| 2001577 | Mr. HARESHBHAI THANNABHAI MAKWANA | GCC | **2000706** |
| 2000557 | Mr. SANKETSINH LAXMANSINH DINDOD | RTC, Ahmedabad | **2000948** |